## -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે વિભાગ,અમદાવાદ શહેર દ્વારા સરદાર પટેલ રીંગ રોડ ઉપર આવેલ રોપડા બ્રીજનું સમારકામ (ગર્ડરની નીચે જુના બેરીંગ કાઢી નવા બેરીંગ લગાવવાની કામગીરી) કરવામાં આવનાર છે. આ કામગીરી **તા.૧૫/૩/૨૦૨૫ થી તા.૧૪/૪/૨૦૨૫ સુધી ફક્ત રાત્રીના કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૫.૦૦ સુધીના** સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે.

આ કામગીરી ૧૫+૧૫ એમ કુલ-દિવસ સુધી ચાલનાર છે. જેમાં તબક્કાવાર ૧૫-૧૫ દિવસ સુધી કામગીરી કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગ** |
|---|---|---|
| ૧. | સરદાર પટેલ રીંગ રોડ ઉપર આવેલ વટવા અસલાલી સર્કલથી હાથીજણ સર્કલ વચ્ચે આવેલ રોપડા બ્રીજ ઉત્તરથી દક્ષિણ તરફનો એક સાઇડનો ૬૦૦ મીટર જેટલો રોડ તબક્કાવાર બંધ રહેશે. | રોપડાબ્રિજનો ઉત્તર તરફનો ટ્રાફિક રોપડાબ્રિજ ઉપર થઇ એક સાઇડનો રોડ ચાલુ રહેનાર છે તેનો ઉપયોગ કરી દક્ષિણ તરફની દિશામાં હાથીજણ સર્કલ તરફ જઇ શકશે. તેવી જ રીતે એક બાજુનું કામ પુર્ણ થઇ ગયા બાદ રોપડાબ્રીજનો દક્ષિણ તરફનો ટ્રાફિક રોપડાબ્રીજ ઉપર થઇ એક સાઇડનો રોડ ચાલુ રહેનાર છે તેનો ઉપયોગ કરી ઉત્તર તરફ એટલે કે અસલાલી સર્કલ તરફ જઇ શકાશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૧૦/૩/૨૦૨૫**

**( એન.એન.ચૌધરી )**
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર